દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ
સોમવાર ૯ ડિસેમ્બર, ૨૦૨૪

ટ્રમ્પના નજીકના ગણાતા સિરિયાના રાષ્ટ્રપતિ બશર અલ અસદે સિરિયા છોડવું પડ્યું

1970થી સિરિયા પર શાસન ચલાવતા અસદ પરિવારનો અંત આવી ગયો હોય તેમ લાગે છે કારણ કે, બશર અલ-અસદે દમાસ્કસ છોડી દીધું છે. તેમના સાથી દેશો જેમ કે, રશિયા અને ઈરાન વિશ્વના અન્ય બનાવોને કારણે નબળા પડ્યા છે તેમજ તેમનું ધ્યાન બીજે ફંટાયેલું છે. આ સિવાય હાલના પ્રસંગો એટલા માટે પણ ઘટી રહ્યા છે, કારણ કે દેશની 90 ટકા વસતી ગરીબી રેખાની નીચે રહે છે અને ઘણા લોકો વિસ્થાપિતો માટેના કેમ્પોમાં અટવાયેલા છે. સીરિયાના વિદ્રોહી જૂથે દેશની રાજધાની દમાસ્કસમાં પ્રવેશ કરી લીધો છે અને તેમણે દાવો કર્યો છે કે અલ-અસદે દેશ છોડી દીધો છે. જોકે, એ ખબર નથી કે જો બશર અલ-અસદ દેશ છોડીને ગયા હોય તો તેઓ ક્યા દેશમાં ગયા હશે. અટકળો લગાવાઈ રહી છે કે બશર અલ-અસદ ભાગીને સંયુક્ત આરબ અમિરાત એટલે કે યુએઈમાં છે કે ત્યાં જવા માટે શરણ માગી શકે છે. યુએના રાષ્ટ્રપતિના સલાહકાર અનવર ગરગશનું કહેવું છે કે તેમને ખબર નથી કે સીરિયાના રાષ્ટ્રપતિ યુએઈમાં છે કે નથી. બહેરીનમાં મનામા ડાયલોગમાં પત્રકારો સાથે વાતચીતમાં અનવરે અસદના શરણ માગવાની અટકળો પર ટિપ્પણી કરવાનો ઇન્કાર કરી દીધો.અનવરે એમ પણ કહ્યું કે સીરિયા જોખમી છે અને તેના પર ચરમપંથી જૂથોનો ખતરો યથાવત્ છે. સીરિયામાં વિદ્રોહી જૂથો દેશની રાજધાની દમિશ્ક તરફ વધ્યાના સમાચાર બાદ સ્થિતિને જોતાં ભારતીય વિદેશ મંત્રાલયે ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી છે. એડવાઈઝરીમાં વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકોને કહ્યું કે સીરિયા જવાથી બચે. વિદેશ મંત્રાલયે કહ્યું કે સીરિયામાં રહેતા ભારતીય દમિશ્કમાં આવેલા ભારતીય દૂતાવાસમાં સંપર્કમાં રહે. વિદેશ મંત્રાલયે ઈમરજન્સી હેલ્પાઈન નંબર (+963 993385973) જાહેર કર્યો છે અને કહ્યું કે નાગરિકો ફોન નંબર અને વૉટ્સએપના માધ્યમથી ભારતીય દૂતાવાસનો સંપર્ક કરી શકે છે. આ સિવાય મંત્રાલયે ઈમેલ આઈડી hoc.damascus@mea.gov.in પણ જાહેર કર્યો છે.જે લોકો સીરિયા છોડી શકે છે તેમના માટે વિદેશ મંત્રાલયે કહ્યું કે "જે ઉડાન ચાલી રહી છે તેનો ઉપયોગ કરે. વિદેશ મંત્રાલયે સીરિયામાં રહેતા ભારતીયોને વિનંતી કરી કે તેઓ પોતાની સુરક્ષા અંગે બહુ સાવધ રહે. બાંગ્લાદેશ બાદ હવે સીરિયામાં પણ ગૃહ યુદ્ધ શરૂ થતાં બળવાખોરોએ સત્તાપલટો કરી નાખ્યો છે. સીરિયામાં બળવાખોરોએ દાવો કર્યો છે કે પ્રમુખ બશર અલ અસદના શાસનનો અંત આવી ગયો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે બળવાખોરો દમાસ્કસમાં ઘૂસ્યા બાદ સીરિયાના પ્રમુખ અસદ દેશ છોડીને અન્ય કોઈ જગ્યાએ ભાગી રહ્યા હતાં. અસદ રશિયા અથવા તેહરાન જઈ રહ્યા હોવાના અહેવાલો મળ્યા હતા. મીડિયા અહેવાલ પ્રમાણે બશર અલ અસદ રશિયન કાર્ગો પ્લેનમાં સીરિયાથી રવાના થઈ ગયા છે અને અસદનું વિમાન પણ રડારથી ગાયબ છે. તેમની કોઈ માહિતી નથી મળી રહી. બીજી તરફ સીરિયાના વડા પ્રધાન મોહમ્મદ ગાઝી જલાલીએ પોતાના ઘરેથી એક વીડિયો નિવેદન જારી કરીને કહ્યું કે, હું દેશમાં જ રહીશ અને સત્તાના સરળ હસ્તાંતરણ માટે કામ કરીશ. અત્રે ઉલ્લેખનીય છે કે બશર અલ અશદને ટ્રમ્પ અને પુટિનનો સંપૂર્ણ ટેકો હતો. ટ્રમ્પ સત્તામાં આવે તે પહેલા જ તેમણે સિરિયા છોડી દેવુ પડ્યું છે. સિરિયાનો ઉત્તર-પૂર્વ ભાગ કુર્દ પ્રજાની બહુમતિ ધરાવે છે. 2011માં જ્યારે વિવિધ આરબ રાષ્ટ્રોમાં ક્રાંતિની શરૂઆત થઈ ત્યારે સિરિયામાં પણ ક્રાંતિ આરંભાઈ હતી. સિરિયામાં બસર અલ અસદ સત્તા પર હતા. જેમની સામે ઘણા લોકોનો બહુ વિરોધ હતો. વિરોધ કરનારો એક વર્ગ કુર્દ લોકો હતા, જે સિરિયાની લઘુમતી પ્રજાતિ છે. 2011 પછી શરૂ થયેલા આંતરીક યુદ્ધનો લાભ લઈને કુર્દ પ્રજાએ આરબો સાથે મળીને સિરિયન ડેમોક્રેટિક ફોર્સ (એસડીએફ)ની સ્થાપના કરી નાખી. એ ફોર્સે સિરિયાનો ઉત્તર ભાગ કબજે લીધો. એ પ્રાંત સિરિયાનો હોવા છતાં ત્યાં સિરિયન સરકારનું નહીં, કુર્દ સત્તાધિશોનું રાજ ચાલે છે. 2011ની ક્રાંતિ પછી આખું સિરિયા ચાર ભાગમાં વહેંચાઈ ગયું છે અને ચાર અલગ અલગ સરકાર પોતપોતાના પ્રદેશ પર રાજ કરે છે.

'એક નહિ લેવાયેલો ઈન્ટરવ્યુ' અનોખી શૈલીમાં આત્મપરિચય

વર્તમાન ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે હાસ્યલેખનમાં રતિલાલ બોરીસાગર પ્રમુખ નામ છે. 'મોજમાં રે'વું રે' હાસ્યનિબંધ સંગ્રહ માટે એમને સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. 'એક નહિ લેવાયેલો ઈન્ટરવ્યુ' જુદી શૈલીમાં એમના આત્મપરિચયને આપણી સમક્ષ મૂકે છે. લેખક પોતે આ શૈલી વિશે જણાવે છે.'' એટલે પછી આત્મપરિચય માટે જાતે જ પ્રશ્નો પૂછવા ને જાતે જ ઉત્તરો આપવા એવું વિચાર્યું. પ્રશ્નકર્તા પણ હું ને ઉત્તરદાતા પણ હું- એક નવા જ પ્રકારનો અદ્વૈત માર્ગ! આ અદ્વૈત માર્ગે ચાલવાને પરિણામે આત્મપરિચયની આ સામગ્રી તૈયાર થઈ છે.'' (થોડુંક,11) આ પ્રકારની શૈલીમાં આત્મપરિચય આપવાની વાત ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે પણ નોખી છે અને એમાંથી હાસ્યનો પરિચય પણ મળી રહે છે, એ એની વિશેષતા છે.

નવ જુદાં જુદાં પ્રકરણોમાં અહીં પ્રશ્નોત્તરી વિભાજિત છે. લેખક જાત પર હસી શકે છે એમ સમાજમાં બનતી ઘટનાઓ કે એ થકી થતા અનુભવો વિશે પણ હાસ્ય પ્રગટાવી શકે છે. પોતાના જન્મની ઉજવણી શક્ય નહોતી માતાપિતાથી, કારણકે તેમનો જન્મ મહિનાની આખર તારીખ એટલે કે 31 ઓગસ્ટે થયો હતો. આ પ્રકારની ઘણી વાતો લેખકે પોતાના વિશે કરીને હાસ્ય પ્રગટાવ્યું છે. પોતાના જન્મ સમયે સાકર વહેંચવાના કારણે એમના વ્યક્તિત્વની મીઠાશ સર્વત્ર પ્રસરેલી રહી હતી, છે, એવું લેખકનું દૃઢપણે માનવું છે. પોતાના સમયમાં બેન્ક લોન સહેલાઈથી મળતી નહોતી. 'એ સંદર્ભે જણાવે છે,'' લોનની આશાએ બેન્કમાં આવેલા કોઈને પણ નિરાશ ન કરવાની આજની બેન્કોની સંવેદનશીલતા ત્યારે એટલી વિકસી નહોતી.'' (પા.03)- જોઈ શકાય છે, કે બે સમયની પણ આપોઆપ અહીં તુલના થઈ જાય છે.

પોતાના લગ્ન કેવી સ્થિતિમાં થયાં, ભાડાના મકાનમાં કેવી રીતે સંસાર શરૂ થયો એની પણ પેટછૂટી વાત લેખકે અહીં રજૂ કરી છે. પોતાની આર્થિક સ્થિતિ વિશે પણ નિખાલસ ભાવે જણાવે છે .'' શામળિયાએ જેમ નરસિંહ મહેતાના પ્રસંગો ઉકેલી આપ્યા હતા એમ નરસિંહ મહેતા જેવી બીજી કોઈ યોગ્યતા ન હોવા છતાં, નરસિંહ મહેતા જેવી આર્થિક સ્થિતિવાળા એવા મારા પ્રસંગો શામળિયો ઉકેલતો આવ્યો છે.''' (પા.06) ઈન્કમટેક્ષ વિશેની પ્રશ્નોતરી પણ રસપ્રદ છે. પોસ્ટ ઓફિસમાં થોડો સમય નોકરી કરી હતી.એ અનુભવને બહુ ટૂંકમાં માર્મિક રીતે આમ વ્યકત કરે છે અથવા કહો કે પોસ્ટ ઓફિસની નોકરીને મેં દૂધપીતી કરી લીધી. (પા. 21) પોસ્ટ ઓફિસની નોકરી વખતે પણ લેખનશુદ્ધિ વિશે તેઓ સજાગ હતા અને આજે પણ છે. સરકારી ઓફિસમાં કે પોસ્ટ ઓફિસમાં લેખક દ્વારા કરવામાં આવતી મજાક દ્વારા લેખકે ઘડો લીધો કે અસ્થાને મજાક ન કરવી. આમ, થવાને કારણે લેખકની બિનજવાબદારી પણ ક્યાંક પ્રગટ થઈ છે, પણ લેખક નિખાલસ રીતે એની પણ કબૂલાત કરે છે.

કેટલાક અઘરા અને અંગત પ્રશ્નો ન પૂછવા એવી ખાતરી પણ લેખકે પહેલેથી લઈ લીધી છે. 'સાહિત્ય એટલે શું?' એવા પ્રશ્નના ઉત્તરમાં તેઓ આ જ વાત કરે છે. હાસ્ય સિવાય પોતાનામાં બીજી કશી આવડત નથી એ વાતનો સ્વીકાર અન્ય હાસ્યલેખકોની જેમ એમણે પણ કર્યો છે. લેખકની 'ઉઠાંતરીબાજ' તરીકેની જે વિગતો મળે છે એ પણ રમૂજપ્રેરક છે. વાર્તાલેખન પણ લેખકે કર્યું હતું અને ઘણી જગ્યાએથી વાર્તાઓ અસ્વીકૃત થઈ પાછી ફરી હતી. એ સંદર્ભે પોતાની જાતને સમજાવતાં લેખક નોંધે છે, ''તારી વાર્તાઓ ન સમજાય એવી હોત તો કદાચ છપાઈ પણ જાત! ખરેખર તો તારી વાર્તાઓ શા માટે છાપવી એ તંત્રીઓને નહીં સમજાયું હોય!'' અહીં પ્રગટ થતો કટાક્ષ પણ માણવા જેવો છે, જે આ પુસ્તકમાં ઠેર ઠેર જોવા મળે છે. લેખક પોતાને એમ પણ આશ્વાસન આપે છે કે,'' એ સમયના તંત્રીઓ મારી વાર્તાકળા પારખવામાં ધરાર નિષ્ફળ ગયા.'' (પા. 39)

હાસ્યલેખક તરીકે સમાજ તરફથી થતા અનુભવો કે ક્યાંક મુખ્ય મહેમાન કે વક્તા તરીકે જવાનું થાય અને જે અનુભવો થયા હોય એમાંથી પણ લેખકે હાસ્ય પ્રગટાવ્યું છે. કુલીનચંદ્ર યાજ્ઞિક સાથે ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે થયેલો અનુભવ એનું ઉદાહરણ છે. એમના પર જ્યોતીન્દ્ર દવેના લેખનની છાપ છે એ વિશે હાજરજવાબી લેખક જણાવે છે, 'પ્રથમ પંક્તિના હાસ્યલેખક ગણાવાની મારી પ્રબળ ઝંખનાને કારણે. (પા. 46) પોતાના પ્રથમ સંગ્રહ 'મરકમરક' વિશે જ્યોતીન્દ્ર દવેએ પ્રતિભાવ આપ્યો હતો કે ''કેટલુંક લખાણ તો જાણે મેં જ લખ્યું હોય એવું લાગે છે'' (પા. 46)- આ પ્રતિભાવથી લેખકને ફાયદો થયો કે નુકસાન એ જાણવા આ પ્રશ્નોત્તરીમાંથી પસાર થવું પડે. કૉલમ લેખક તરીકેના પોતાના અનુભવોને પણ લેખકે વિશિષ્ટ રીતે મૂકી આપ્યા છે. પીએચ.ડી.નો વિષય પણ રજિસ્ટ્રેશન કરાવ્યા પછી લેખકને ખબર પડી કે અઘરો વિષય પસંદ કર્યો છે એવા જ અનુભવો ભાષણકળા વિશે પણ લેખકે ટાંક્યા છે.

પ્રશ્નોત્તરીની શૈલી પણ વિશિષ્ટ છે. એક પ્રશ્નમાંથી બીજો પ્રશ્ન ફૂટી નીકળે છે. એમાં તર્કશૈલીનો અનુભવ પણ થાય છે. લેખકને પાંચ મિનિટથી લઈને પચાસ મિનિટ સુધીના ભાષણ કરવાના નોખા અનુભવો છે. પોતે પાંચ મિનિટ જ ભાષણ કરશે એવું કહીને સુરેશ દલાલનો તણાવ એમણે કેવી રીતે હળવો કરી નાખ્યો હતો, એ કિસ્સો પણ રસપ્રદ છે. લેખક હળવી રીતે જ વાત કરે છે પણ એમાંથી ક્યારેક ચિંતન પણ પ્રગટે છે.



'તમે વધુ પડતા આશાવાદી છો એવું ન કહેવાય?' (પા. 73)- એવા પ્રશ્નના ઉત્તરમાંથી એમનું ચિંતન પ્રગટ થાય છે. ''દિલ કો ખુશ રખને કે લિયે કોઈ ને કોઈ ખ્યાલ'' માણસમાત્ર પાસે હોય છે ને એમ ન હોય તો મોટા ભાગનાં મનુષ્યો ડિપ્રેશનમાં જ જીવતાં હોત!'' (પા. 73) સમાજની એક વાસ્તવિકતા તરફ પણ એમણે અહીં આંગળી ચીંધી છે.

ભોજન અને ચાહ બનાવવાના એમના આગ્રહ અને કુટુંબની એ વખતે થતી દશા વિશે પણ એમણે નિખાલસ રીતે લખ્યું છે. ચાહ સંદર્ભે ચાલતું લેખકનું કડક વિવેચન પણ હાસ્યજનક છે. ચા બનાવવા વિશે કહે છે, ' ના, ચા થઈ ગયા પછી ગેસ બંધ કરવાનું રોજ ભુલાઈ જાય છે. તમે જાણો છે કે ગેસ કેટલો મોંઘો આવે છે! એટલે ચા કરવા માટે ગેસ બળે છે ને ચા થઈ ગયા પછી ગેસની સાથે ઘરનાંનો જીવ પણ બળે છે. (પા. 83) પોતાના સારા દેખાવ વિશે રવીન્દ્રનાથ ટાગોરનો કિસ્સો ટાંકીને પોતાનો બચાવ પણ કરી લે છે. નાની ઉંમરે જોયેલી ફિલ્મનાં દૃશ્યો સપનામાં જોતી વખતે લેખક મૌલિક રીતે એમાં ફેરફારો કરી લેતા. નાદિયાની ફિલ્મોનું એમને આકર્ષણ રહ્યું હતું. એક સંવેદનશીલ પ્રસંગ જગત મહેતા ફોટોગ્રાફર વિશેનો નિરૂપાયો છે. જગત મહેતાએ પોતાનો અંતિમ ફોટો લેખક રતિલાલ બોરીસાગર વિશે ખેંચ્યો હતો એ હૃદયસ્પર્શી વાત પણ અહીં રજૂ થઈ છે. ટ્રેનમાં પ્રખ્યાત ગણિતશાસ્ત્રી પી.પી.વૈદ્ય સાહેબનો થયેલો સહજ ને સરળ અનુભવ પણ ઘણી બધી રીતે પ્રેરક બની રહે એમ છે. શરદીના રોગ વિશે એક જ વાક્યમાં પોતાની પીડા વ્યક્ત કરે છે. 'બારમાસી ફૂલો હોય છે એ તો જાણીતી વાત છે પણ બારમાસી શરદી પણ હોય છે.'' (પા. 104) પોતાની વાચનયાત્રા વિશે, શરદી અને ઠંડી વિશેના નરમ-ગરમ અનુભવો પણ લેખકે મોકળા મને વ્યક્ત કર્યા છે એવા જ અનુભવો કોરોનાકાળ વખતા પણ લેખકના રહ્યા છે. વિનોદ ભટ્ટ, શહાબુદ્દીન રાઠોડ, જ્યોતીન્દ્ર દવેની વાતો કે કિસ્સા લેખક પોતાના માટે ટાંકે છે અને પોતાની વાતને સ્પષ્ટ કરે છે. પ્રશ્નોત્તરી શૈલીમાં લખાયેલ આ આત્મપરિચય માણવા જેવો છે.

(એક નહીં લેવાયેલો ઈન્ટરવ્યુ, રતિલાલ બોરીસાગર, ગુર્જર સાહિત્ય ભવન, અમદાવાદ-2022. મૂ.રૂ. 200)

અક્ષરની આરાધના
સંપાદનઃ ધ્વનિલ પારેખ

સાહિત્યિક ગતિવિધિ

» ગુજરાતમાં સૌથી જૂના અખબાર મુંબઈ સમાચાર દ્વારા એક નવી પહેલ કરવામાં આવી છે. વિશ્વભરમાં પોતાની પ્રતિભાનો પરિચય આપનાર સર્જક કલાકારોનું બહુમાન કરવાનો એક કાર્યક્રમ 8 ડિસેમ્બરે મુંબઈમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં સરિતા જોશી (ફરદુનજી મર્ઝબાનજી કલા ગૌરવ એવોર્ડ), પ્રવીણ સોલંકી (મંચેરજી નસરવાનજી કામા કલા ગૌરવ એવોર્ડ), વર્ષા અડાલજા (નસરવાનજી મેચેરજી કામા સાહિત્ય ગૌરવ એવોર્ડ), હેમરાજ શાહ (રૂસ્તમજી મંચેરજી સમાજ ગૌરવ એવોર્ડ) પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

» જયશ્રી મર્ચન્ટ દ્વારા પ્રેરિત 'આપણું આંગણું', 'ગાડી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફોર ડાયસ્પારો સ્ટડીઝ અને એન.એસ.પટેલ આર્ટસ (ઓટોનમસ) કાબેજ, આણંદ દ્વારા 'કોગ્નેટિવ સાયન્સ અને શબ્દ શક્તિ' વિશે વ્યાખ્યાનમાળાનું આયોજન સાત અને આઠ ડિસેમ્બર દરમ્યાન થયું હતું. આ વ્યાખાનમાળામાં બાબુ સુથારે 'પશ્ચિમી સિદ્ધાંત કોગ્નેટિવ સાયન્સ અને ભારતીય સિદ્ધાંત શબ્દશક્તિ' વિશે ચાર વ્યાખ્યાનો આપ્યાં હતાં.

» ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ગુજરાતી લેક્સિકનના ઉપક્રમે શ્રી રતિલાલ ચંદમ્યા માતૃભાષા ગૌરવ એવોર્ડ અર્પણ કરવાનો સમારોહ 2 ડિસેમ્બર ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ ખાતે યોજાયો હતો. આ એવોર્ડ આ વખતે એકત્ર ફાઉન્ડેશનને આપવામાં આવ્યો હતો. એકત્ર ફાઉન્ડેશન વતી અતુલ રાવળે પ્રતિભાવ આપ્યો હતો. ઉપરાંત, પી.કે. લહેરી, કુમારપાળ દેસાઈ અને મુકેશ શાહે પ્રાસંગિક વક્તવ્યો આપ્યાં હતાં.

» અસાઈન સાહિત્ય સભા, ઊંઝા દ્વારા 2023ના સર્જન-સન્માન પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે. કવિતા વિભાગમાં પ્રથમ ભટ્ટખડકી (યોગેશ વૈદ્ય) દ્વિતીય ચિત્રની લીલાઓ (ભરત વિંઝુડા), તૃતીય જતનથી તૂટીએ (ભાવેશ ભટ્ટ) જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે વિષ્ણુ પટેલે સેવા આપી હતી. ટૂંકી વાર્તા વિભાગમાં પ્રથમ દરબારગઢની બીજી મુલાકાત (દશરથ પરમાર) દ્વિતીય સોનેરી ઝાંયવાલી માછલી (રેના સુથાર), તૃતીય મેઘધનુષનો આઠમો રંગ (રામ જાસપુરા) જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે પ્રભુદાસ પટેલે સેવા આપી હતી. નવલકથા વિભાગમાં પ્રથમ ખારા પાણીને ખમ્મા (વિષ્ણુ ભાલિયાડ, દ્વિતીય જી નામ (હરેશ ધોળકિયા), તૃતીય વેડાંભૂત (હંસરાજ સાંબલા) જાહેર થયા હતા. નિબંધ વિભાગમાં પ્રથમ નામિનાળ (ભગીરથ બ્રહ્મભટ્ટ), દ્વિતીય અખતરાપુરાણ (આનંદિતા રૈયાણી), તૃતીય રખડેએ મહારાજા (લલિત ખંભાયતા) જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે યશોધર હ. રાવલે સેવા આપી હતી. બાળસાહિત્ય વિભાગમાં પ્રથમ લીલ્લમ લીલ્લો બીલીયો-2 (મનહર ઓઝા), દ્વિતીય કડુક કુડુક, ડુગ્ગુ અને સુપ્પુ (મહેશ 'સ્પર્શ') તૃતીય ઉબરમાઈનો ઝૂલો (કિરીટ ગોસ્વામી) જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે નટવર પટેલે સેવા આપી હતી.

» હરીન્દ્ર દવે મેમોરિયલ ટ્રસ્ટ તરફથી દર વર્ષે હરીન્દ્ર દવે સ્મૃતિ પારિતોષિક એનાયત કરવામાં આવે છે. 29 નવેમ્બરે રાજકોટ ખાતે મોરારિબાપુના હસ્તે આ પારિતોષિક એનાયત થયાં હતાં. સાહિત્ય માટે કૃષ્ણ દવે, કલા માટે સુરેશ જોશી અને પત્રકારત્વ માટે ભાર્ગવ પરીખને આ પારિતોષિક આપવામાં આવ્યાં હતાં.

» ગાંધીનગર સાહિત્ય સભા, ગાંધીનગર દ્વારા 'શબ્દ' વિમોચન અને સ્નેહમિલન કાર્યક્રમ 30 નવેમ્બરે ગાંધીનગર ખાતે યોજાયો હતો. આ સમારંભના અધ્યક્ષ વરિષ્ઠ સાહિત્યકાર હરિકૃષ્ણ પાઠક હતા. જ્યારે દલપત ચૌહાણ અને રાઘવજી માધડ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

» ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલયના ઉપક્રમે નવલકથા વિષયક વ્યાખ્યાનોનું આયોજન 30 નવેમ્બરે કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનોમાં મારી નવલકથાનું DNA વિશે શિશિર રામાવત અને સર્જકની કેફિયત યોગેશ જોશીએ આપી હતી. સ્વાગત-સંચાલન પરીક્ષિત જોશીએ સંભાળ્યું હતું.

સંન્યાસીની જેમ વિચારીએ

Think Like a Monk એ વ્યક્તિત્વ વિકાસનું એક પરિવર્તનકારી self-help classic પુસ્તક છે. એના લેખક જય શેટ્ટી, જે એક સંન્યાસી હતા, પછી પ્રભાવશાળી મોટીવેશનલ સ્પીકર બન્યા. ભારતમાં ત્રણ વર્ષ સાધુ તરીકે રહ્યા તેના અનુભવોને, સાધુત્વના સિદ્ધાંતો અને વ્યવહારોને, જ્ઞાનને આપણા સંસારી જીવનના લોકો માટે આ પુસ્તકમાં સુલભ બનાવ્યું છે. આધુનિક જગતમાં આપણે જીવનનો સાચો અર્થ શોધી શકીએ, સામાજિક સંબંધો સુદૃઢ કરી શકીએ, તનાવ ઘટી શકે, નકારાત્મક વિચારોને ઓળંગી જઈએ તેવું શાશ્વત વિચાર ભાથું પીરસીને લેખકે આ પુસ્તકને એક મૂલ્યવાન માર્ગદર્શક સીમાસ્તંભ જેવું બનાવ્યું છે. વાચકો જીવનનો મર્મ અને હેતુ સમજી શકે તેવું આ વાચન છે, કહો કે સંત-વચન છે.



આ મોન્ક માઈન્ડસેટ શું છે?

આ પુસ્તક 3 ભાગમાં વહેંચાયેલું છે : 1. Let Go : જતું કરો, ક્ષમાભાવ, 2. Grow. આંતરિક વૃદ્ધિ કરો, 3. Serve. નિઃસ્વાર્થ સેવા કરો.

પુસ્તકની પ્રસ્તાવનામાં જય શેટ્ટી કહે છે કે આ પુસ્તક લોકોને કોઈ અમુક ધર્મ, માન્યતા કે ફિલોસોફીમાં બદલવા માટે નથી. એ તો ઊલટાનું, લોકોને તેમના દૈનિક જીવનમાં 'monk mindset' સાધુ-મનોવૃત્તિ અપનાવવામાં મદદરૂપ થવા માટે છે. તમને વળી થશે કે આ મોન્ક માઈન્ડસેટ શું છે? એ એક એવી વિચારણા છે કે જે શાંતિ, પ્રસન્નતા, પ્રેમ, ભાઈચારો, સેવા અને જીવનના હેતુનો વિચાર અને આચરણ કરતા શીખવે.

જય શેટ્ટીની જીવનયાત્રા, એક સફળ છતાંયે અંદરથી અસંતુષ્ટ એવા કોર્પોરેટ કર્મચારીમાંથી જીવનનો હેતુ શોધનાર, ભારતમાં ભ્રમણ કરનાર monk (સાધુ)ની રહી છે. એમના સાધુ જીવનના અનુભવો અને પ્રાચીન પરંપરાનાં સાહિત્યોના અભ્યાસે એમનો જીવન વિશેનો દૃષ્ટિકોણ જ બદલી નાખ્યો અને જે અમૂલ્ય પાઠો એમને શીખવા મળ્યા તે અહીં વિશાળ વાચકવર્ગ સાથે એમણે વહેંચ્યા છે.

ઉપસંહાર

મોન્ક માઈન્ડસેટ અને તેવી પ્રવૃત્તિ અપનાવવાથી પોતાનું જીવન બદલવા માગતા લોકો માટે Think Like a Monk એક રોડમેપ પુસ્તક છે. લેખકે સાધુ પરંપરાની પ્રાચીન પ્રજ્ઞા, શાસ્ત્રબોધ શોધી, આપણને માનસિક સ્થિતિસ્થાપકતા, જીવનનાં અર્થની શોધ અને આંતરિક આનંદની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે તેની સુંદર-સરળ રૂપરેખા આપે છે. આનાથી વાચકો, નકારાત્મકતા, તણાવ અને માનસિક અસ્વસ્થતા-ઉદ્વેગ ઉપર નિયંત્રણ કેળવી અર્થપૂર્ણ અસ્તિત્વનો ઉત્સવ માણવા સક્ષમ બની શકે છે.

મોન્ક ક્વોટ

» તમારો સમય એ જ તમારું જીવન છે. માટે જે રીતે તમે સમય વીતાવશો, તેવું તમારું જીવન વીતશે.

» વર્તમાન ક્ષણ જ એવો સમય છે, જેમાં તમે આનંદ, પ્રેમ અને સંતુષ્ટિ અનુભવી શકો.

» બીજાનાં કાર્યોને માફ કરવાં એ ક્ષમા નથી, ક્ષમા એ તો તમે આચરેલા ક્રોધ અને વિરોધભાવમાંથી પોતાની જાતને મુક્ત કરવી તે છે.

» સુખ-સંતોષ પામવાનો ઉત્તમ માર્ગ છે બીજાને મદદરૂપ થવાનો.

» સ્વયંશિસ્ત એટલે તમારા, વિચારો, લાગણીઓ અને કાર્યોને નિયંત્રણમાં રાખવાની ક્ષમતા.

» સંતુષ્ટ જીવન માટે જીવનનો હેતુ શોધવો ખૂબ જરૂરી છે.

» જીવનનો અર્થ અને હેતુ શોધવાનો એક ઉત્તમ માર્ગ સેવાનો છે.

થિંક લાઈક એ મોન્ક

લેખક : જય શેટ્ટી
અનુવાદ: ચૈતન્ય દેસાઈ
ગ્રંથસારાંશ : એકત્ર ફાઉન્ડેશન (વેબસાઈટ)

સ્વીકાર સમાલોચના

ગુર્જર સાહિત્ય પ્રકાશન તરફથી નીચેનાં પુસ્તકો અવલોકનાર્થે મળ્યાં છે



'શ્રીમદ્ ભગવદ્ ગીતા': સંપાદક, રામજીભાઈ પટેલ. આવૃત્તિ પહેલી, કિં. રૂ. 200.

લેખકે નિવેદનમાં જણાવ્યા મુજબ શ્રીમદ્ ભગવદ ગીતાના મૂળ શ્લોકની સાથી જોડણી વાંચી શકાય તે માટે પદોની સંધિ છૂટી પાડી' વાચકને સરળતા કરી આપી છે. ગીતાના અભ્યાસથી બુદ્ધિ અને અંતઃકરણની શુદ્ધિ થઇ છે. મનની એકાગ્રતા વધી છે. સંસ્કૃત ભાષાના જ્ઞાનમાં વૃદ્ધિ થઇ છે. લેખકનો આ અનુભવ ગીતાનાં સર્વ વાચકોને પણ થાય તે જરૂરી છે. આથી જીવન અધ્યાત્મપરાયણ બનશે અને સાચી દિશા મળશે. લેખકે ગુજરાતી શબ્દાર્થ અને ભાવાર્થ પણ રજૂ કર્યો છે. પુસ્તક તૈયાર કરવામાં લેખકની મહેનત તરી આવે છે. મુખપૃષ્ઠ સમસ્ત પુસ્તકના હાર્દને સુપેરે વ્યક્ત કરે છે.

'શ્રીજી મુલાકાત' (નવલકથા) લે. બાલેન્દુશેખર જાની, સંવર્ધિત ત્રીજી આવૃત્તિ કિં. રૂ. 300.

સમયની ભીડમાં ખોવાયેલા પ્રેમની આ કથા છે. ખોવાયેલાં પ્રેમીઓ ક્યારેક પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે મળે છે તેની કલ્પના નવલકથાનો વિષય બન્યો છે. જેથી વાચનરસ જળવાઈ રહે છે.

'મહાબલિદાન' (નવલકથા) લે. ગુણવંતરાય આચાર્ય, આવૃત્તિ ત્રીજી, કિં. રૂ. 325

દરિયાઇ કથાઓના લેખક તરીકે ગુજરાતી સાહિત્યમાં જાણીતા ગુણવંતરાય આચાર્યની આ નવલકથા કચ્છની ક્રાંતિનાં શૌર્ય અને સમર્પણની ઐતિહાસિક કથા છે. કથામાં કચ્છનો ઇતિહાસ ઉજાગર થાય છે. તે આસ્વાદ્ય છે. મુખપૃષ્ઠમાં બલિદાનની ક્ષણોને સુપેરે રેખાંકિત કરી છે.

'પ્રેમ પદારથ' (ગઝલસંગ્રહ) લે. કિશોર જિકાદરા. આવૃત્તિ પહેલી. કિં.રૂ. 180

ગઝલના કેટલાક મત્લા શેર જોઈએઃ છેવટ તમને સમજાયું છે એનો પણ સંતોષ ઘણો છે. પ્રેમ પદારથ શું છે એ કૈં સૌને ના સમજાય ખરું ને? એની ધારદાર રજૂઆત શેરમાં થઇ છે.
જમાનો કાસ્સો કસ્તો રહ્યો છે તોડવાનો, છિયે અકબંધ બંને હું અને અખિલાઈ મારી.
જીવન અને જગતની વિષમતા સામે કવિ પોતાની સમગ્રતાને સાચવી શક્યા છે તેનો આનંદ કંઇક ઓર હોય છે.
વારે વારે કહેવા કરતાં સ્થાયી સૂચના આપી દઉં છું ઘાવ કરો તો માથે પાછું મીઠું પણ ભભરાવી જાજો.
આઘાતની તીવ્ર વ્યથાને સુપેરે વ્યક્ત કરી છે.
નઠારો સમય છે, ખબરદાર રે'જો
અટૂલું હૃદય છે, ખબરદાર રે'જો
જિંદગીની એકલતાને સરસ રીતે કવિએ વ્યક્ત કરી છે.

'ગાંધીગિરા ગુજરાતી' અને 'માતૃભાષા મોરી મોરી રે' સંપાદનઃ અનિતા તન્ના અને રમેશ તન્ના. પ્રકાશક : રમેશ તન્ના. બંને પુસ્તકની પહેલી આવૃત્તિ. કિં. રૂ. 200 અને 325.

જુદા જુદા ક્ષેત્રની વ્યક્તિઓએ માતૃભાષા ગુજરાતી વિશે રજૂ કરેલા વિવિધ ભાવોનો આ બંને પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. માતૃભાષા પ્રત્યેનો પ્રેમ સૌમાં છલકાતો રહે એવો સૂર આમાંથી સંભળાય છે. સૌએ સાંભળવો રહ્યો. બાળક બોલતાં શીખે ત્યારથી સતત માતાપિતાના સાન્નિધ્યમાંથી એક સંસ્કારની જેમ ભાષાના પ્રેમનું સંસ્કારની જેમ સિંચન થાય છે. ભાષાનું પોત શૈશવથી જ બંધાય છે ને તેથી જ સૌ લેખક-લેખિકાઓનાં માતા-પિતાના ફોટા અને સૌ લેખક-લેખિકાઓના શૈશવના ફોટાનો સમાવેશ કરી લેખકે જે સંદેશ આપ્યો છે તે નોંધપાત્ર છે.